SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL - P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall , Ellishbridge, Ahmedabad - 380 006.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

શ્વાસ છૂટવો એ જ
મૃત્યુ નથી
વિશ્વાસ તુટવો
એ પણ મૃત્યુ છે.

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 21 ● Issue No. - 249 ● 1st June 2024 Price Rs. 2/- ● Pages-12

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ................... (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ...................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. ................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ,

જય જિનેન્દ્ર

અમદાવાદ જ્ઞાતિ મંડળ સંચાલિત વિવિધ પ્રવૃત્તિઓ પૈકી સાધર્મિક સહાય યોજના કાયમીદાતા, સમ્યગ્જ્ઞાન પ્રસારનિધિ યોજના દાતા, મેડીકલ સહાય યોજનાના તથા શૈક્ષણીક યોજના કાયમી દાતા માટે સમગ્ર મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિમાંથી જેમણે રૂા.૨૧૦૦૦/- કે તેથી વધુ રકમનું દાન આપ્યું છે. તેવા સર્વ દાતાઓની અમદાવાદ જ્ઞાતિ મંડળ તરફથી ભૂરિ ભૂરિ અનુમોદના. ઉપરોક્ત કલ્યાણકારી યોજનાઓમાં ઉદારદિલે દાન આપનાર સર્વેનો મંડળ અંત:કરણ પૂર્વક ખૂબ આભાર માને છે. આ સર્વે દાતાઓની નામાવલિની તકતી અમદાવાદ જ્ઞાતિમંડળના હોલમાં (સાંસ્કૃતિક ભવન) માં લગાડવામાં આવી છે. આ તક્તીનો ફોટો આ અંકમાં અન્યત્ર છાપેલ છે.

આપણી જ્ઞાતિના, આર્થિક સંકડામણ અનુભવતા, જરૂરતમંદ પરિવારોને, અમદાવાદ જ્ઞાતિમંડળની સાધર્મિક સહાય યોજના અંતર્ગત જીવનજરૂરી ખાદ્ય સામગ્રી તો પહોંચાડવામાં આવે છે. તે ઉપરાંત જ્ઞાતિના કોઈ પણ વ્યક્તિ, આવા પરિવારોને રોકડ રકમ આપીને અનુમોદના દાન રૂપે પણ આર્થિક સહાય કરી શકે છે. સાધર્મિક પરિવારોના કુટુંબોને જીવનજરૂરી ખાદ્યસામગ્રી મંડળ તરફથી પહોંચાડતી વખતે, આપના તરફથી મળેલ રકમ તે પરિવારોને કુટુંબદીઠ મોકલી આપવામાં આવશે. સર્વે જ્ઞાતિબંધુઓને આ અનુમોદના દાનનો લાભ લેવા નમ્ર વિનંતી છે.

આપણી સમગ્ર જ્ઞાતિમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં ઉત્તિર્ણ થયેલાઉ સર્વ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અમદાવાદ જ્ઞાતિ મંડળ ખૂબ ખૂબ અભિનંદન આપે છે અને ભવિષ્યમાં ઉત્તરોત્તર ઉજ્જવળ કારકીર્દિ બનાવો તેવી શુભેચ્છા પાઠવે છે.

ગત અંકમાં જણાવ્યા મુજબ અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા શૈક્ષણિક સહાય યોજના અંતર્ગત ધોરણ-૧ થી ઉચ્ચશિક્ષણ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને નિયત કરેલા તારીખ ૨૬-૦૫-૨૦૨૪, રવિવારે ચોપડા અને બોલપેન સેટનું વિતરણ કર્યું.

ધોરણ-૧ થી ૧૦ માં પાસ થનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીના પરિણામમાં ૭૫% કે તેથી વધુ ટકા મેળવનારને પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ઈનામો આપવામાં આવશે. ધોરણ-૧૧ અને ૧૨, આર્ટસ, સાયન્સ, કોમર્સ ફેકલ્ટીમાં પાસ થનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીના પરિણામમાં ૭૫% કે તેથી વધુ ટકા મેળવનારને પ્રથમ અને દ્વિતીય એમ બે ઈનામ આપવામાં આવશે. ૭૫% કે તેથી વધુ ટકાવાળાને જ માર્કશીટ મળ્યાની પહોંચ આપવામાં આવશે. આ રીતે % ટકા સાથેનું પ્રમાણપત્ર/પુરાવો રજૂ ન કર્યો હોય તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ઈનામને પાત્ર ગણાશે નહી.

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૪ થી ડીસેમ્બર-૨૪)**



**સ્વ. અરૂણાબેન અરવિંદભાઈ શાહ**
(મોટપ - અમદાવાદ)
જન્મ તા.૨૭-૧૨-૧૯૫૧ • સ્વ.તા.૦૫-૧૨-૨૦૨૦

ની સ્મૃતિમાં
જીગ્નેશભાઈ શાહ - રૂપલબેન શાહ
નીશીબેન - દીયાબેન
સંજયકુમાર - મોનાબેન
જૈની - આગમ

**અરવિંદભાઈ પૂનમચંદ શાહ**
(મોટપ-અમદાવાદ)
પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

કોલેજના સ્નાતક, અનુસ્નાતક તેમજ અન્ય વિવિધ ફેકલ્ટીઝમાં ફાઈનલ ડીગ્રી/ડિપ્લોમા હોલ્ડર તેમજ આઈ.ટી.આઈ. જેવી ફેકલ્ટીમાં દરેકમાં પ્રથમ આવનારને ઈનામ આપવામાં આવશે.

ઉપરોક્ત સઘળી માર્કશીટની વિગતો ભરવામાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીનું નામ, સભ્ય નં., સરનામું, ફોન કે મોબાઈલ નંબર, મૂળવતન વિગેરે.... માર્કશીટ સાથેના નિયત કરેલા નમૂનાના ફોર્મમાં (ઈનામની બાબતમાં) સંપૂર્ણ વિગતો લખીને અમદાવાદ જ્ઞાતિમંડળના કાર્યાલયમાં તા.૩૧-૦૭-૨૦૨૪ સુધીમાં આપીને તેની પહોંચ મેળવી લેવી. માર્કશીટની વિગતો ભરવાનું ફોર્મ કાર્યાલયેથી મલશે. કોલેજની વિવિધ ફેકલ્ટીઝ, આઈ.ટી.આઈ. અન્ય ડિગ્રી/ડિપ્લોમા કોર્સના પરિણામ જો જુલાઈ પછી આવે તો તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ તા.૧૫-૦૮-૨૦૨૪ સુધીમાં કાર્યાલયે માર્કશીટની ઝેરોક્ષ સાથે આપવા. છતાંયે, ઉપરોક્ત સર્વે બાબતોની વિગતવાર સંપૂર્ણ માહિતી માટે અગાઉના માર્ચ, એપ્રિલ, મે-૨૦૨૪ના પરિવાર - પત્રિકાના અંકો દરકે વિદ્યાર્થી/વિદ્યાર્થીની તથા વાલીએ વાંચી લેવા નમ્ર વિનંતી છે.

વિશેષમાં શૈક્ષણિક સમિતિએ ચાલુ વર્ષે માર્ચ, એપ્રિલ, મે- ૨૦૨૪ના પરિવાર પત્રિકામાં તથા મંડળના વોટ્સએપ દ્વારા ચોપડા-બોલપેન વિતરણ માટે Google Form ભરીને ઓનલાઈન મોકલવાની જાણ કરેલી. ફોર્મમાં સ્પષ્ટ જણાવવા છતાંયે કેટલાકે મંડળના સભ્યનો નંબર લખવાને બદલે પોષ્ટ દ્વારા પરિવાર-પત્રિકાના છેલ્લા પેજ ઉપર નીચે સરનામા સાથે જે નંબર આવે છે તે લખ્યો છે. કેટલાકે વિદ્યાર્થી/વિદ્યાર્થીના નામને બદલે માતા-પિતાનું નામ લખ્યું છે... આવી બાબત દુ:ખ દાયક છે. શૈક્ષણિક સમિતિના કાર્યકર્તા શ્રી સંદિપભાઈ, ઉન્મેષભાઈ, ભરતભાઈ... વગેરેએ બે મહિના સુધી આ બધી બાબતો ચેક કરી છે. મોબાઈલથી વાલીનો સંપર્ક કરી સુધારા કરીને ફાઈનલ લીસ્ટ તૈયાર કર્યું છે. તે માટે આ કાર્યકર્તાઓ અભિનંદનને પાત્ર છે.

એક જ રસોડે જમતા અને જે કુટુંબના ઘરમાં એકથી વધારે પરિવાર પત્રિકા આવતી હોય તેવા જ્ઞાતિબંધુને નમ્ર વિનંતી છે કે તેઓ અમદાવાદ મંડળના કાર્યાલયમાં લેખીત જાણ કરીને, તેમને ત્યાં હવેથી આ એક જ સરનામે પરિવાર પત્રિકા મોકલશો તેવી સૂચના આપશો.

અમદાવાદ જ્ઞાતિમંડળનું સભ્યપદ હજુ ન મેળવ્યું હોય તેમણે મંડળની ઓફિસે પધારીને આજીવન સભ્યપદ મેળવી લેવા વિનંતી.

મેડીકલ સહાય અંતર્ગત અમદાવાદ મંડળ દ્વારા હોમિયોપેથીક સેન્ટર ચલાવાય છે. ડૉ.શ્વેતાબેન આર. શાહ દ્વારા જરૂરી તપાસ કરી દવા તથા સારવાર નિ:શુલ્ક આપવામાં આવે છે. દર મહિનાના ઓલ્ટરનેટીવ ગુરુવારે (દર ૧૪ દિવસે) બપોરે ૨-૩૦ થી ૪-૩૦ સુધી અપાતી આ સેવાનો લાભ લેવા વિનંતી છે. આ બાબતનો વોટ્સએપ મેસેજ જ્ઞાતિમંડળના મેસેજગ્રુપમાં મોકલવામાં આવે છે.

સમ્યક્જ્ઞાન પ્રસાર નિધિ અંતર્ગત સાંસ્કૃતિક ભવન ખાતે જૈન પાઠશાળા કાર્યરત છે. ધાર્મિક શિક્ષકશ્રી હિતેષભાઈ શાહ પ્રતિક્રમણના સૂત્રો અને જીવવિચાર ખૂબ સુંદર રીતે સમજાવે છે. આપ સૌને આ પાઠશાળાનો લાભ લેવા વિનંતી છે.

ભાવેશભાઈ એમ. શાહ-માનદ્મંત્રી • રમેશભાઈ સી. શાહ-સહમંત્રી



**રસિકલાલ ચીમનલાલ શાહ**
(લણવા-અમદાવાદ)
જન્મ તા.૨૪-૧૨-૧૯૩૦ • સ્વ. તા.૨૬-૦૨-૨૦૨૧

દરેક ભૂલ સોરી બોલવાથી
માફ નથી થઈ જતી
કેટલીક ભૂલોના પરિણામો
ભોગવવા પડે છે.

ચિમનલાલ પુનમચંદ શાહ
સરોજ મુકેશ શાહ • મુકેશ જે. શાહ
જીગર • હિમાંદ્રી • મોલિક • આનલ
રીયા-કહાન-વિહા
(ભાલક)

## અનુમોદના

**રૂા.૨૧૦૦૦/-**


સૂર્યકાન્ત કેશવલાલ શાહ
(ઉનાવા-અમદાવાદ)

દર વર્ષ સામે ચાલીને અમદાવાદ જ્ઞાતિમંડળને દાન આપનાર સ્વ.સૂર્યકાન્તભાઈ કે. શાહ (ઉનાવા-અમદાવાદ)ના પરિવારે તેમની જન્મતિથિ તા.૧૭-૦૫-૧૯૩૭ નિમિત્તે સાધર્મિક સહાયયોજનામાં અનુમોદના રૂપે રૂા.૨૧૦૦૦/-નું દાન આપ્યું છે. તે બદલ મંડળ તેમની સાધર્મિકો પ્રત્યેની લાગણીને બિરદાવે છે અને તેમનો ખૂબ આભાર માને છે. તેમના સમગ્ર પરિવારવતી સાધનાબેન લાગણી વ્યક્ત કરે છે કે સૂર્યકાન્તભાઈ ભલે સદેહે નથી પણ સદાય હ્રદયસ્થ છે. વાંસળીનો સૂર સાથે તેમનાં ભક્તિગીતો ગૂંજે છે. વાત્સલ્ય વરસાવનારા પિતાએ તેમને જીવન સંઘર્ષનો સામનો કરતાં શીખવેલું. આજે પણ મન માનવા તૈયાર નથી કે તમે અમારી વચ્ચે નથી. તમારા ભજન અને વાંસળીના સૂર આજે પણ ઘરમાં ગૂંજે છે. અમારા જીવનમાં ડગલે ને પગલે તમે પ્રેમ અને હૂંફ આપ્યા છે. મુશ્કેલીઓનો સામનો કરતાં શીખવ્યું છે. એક અફસોસ છે કે તમારી સેવા કરવાની તમે અમને તક ન આપી અને જતા રહ્યા. કદાચ તમારી ત્યાં વધારે જરૂર હશે. તમારા જવાથી ઘણું દુ:ખ થયું છે પણ એ પણ સત્ય છે કે આપણે બધા કુદરતના ક્રમનો હિસ્સો છીએ જેને આપણે સ્વીકારવાનું છે.

## સાધર્મિક ક્ષેત્રે......દાન-ફંડ-ભેટ


સ્વ.દીલીપભાઈ રતીલાલ શાહ
(ખરોડ-મુંબઈ)

કર્તવ્ય, નિષ્ઠાવાન ગૃહીણી, ગુણાનુરાગી સન્નારી, સોનલબેન દીલીપભાઈ શાહ (ખરોડ-હાલ:મુંબઈ) ડી. આર. ક્લાસીસ વાળા સ્વ.શ્રી દીલીપભાઈ રતીલાલ શાહની ધર્મચારીણી તેમજ તેમની દીકરીઓ શ્રીમતી નીશાબેન તથા પૂજાબેન તરફથી સાધાર્મિક બાંધવોને આપવા માટે તેમના ફાર્મહાઉસમાંથી ૫૦૦ કિલો ઘંઉ મળવા પામેલ છે. ગત વર્ષે પણ તેમના તરફથી ૪૦૦ કીલો ઘંઉ મળવા પામેલ. મુંબઈ બેઠા બેઠા પણ સમાજના સાધાર્મિક બંધુઓ તરફની લાગણીને અને સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ હ્રદય પૂર્વક આભાર માને છે.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ - અમદાવાદ

**આગામી પ્રોગ્રામ**

તા.૦૪-૦૬-૨૦૨૪
વાર : મંગળવાર
સમય : ૨-૦૦ થી ૫-૦૦

સ્થળ : જ્ઞાતિના A/c હોલમાં ઉપર

૫ થી ૧૫ વર્ષના બાળકો માટેનો રમત-ગમતનો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. એમાં બે ભાગ પાડવામાં આવશે. ૫ થી ૧૦ વર્ષ અને ૧૧ થી ૧૫ વર્ષ એમ બે ભાગમાં ગેઈમ રમાડવામાં આવશે. તથા બાળકોના મમ્મીઓ માટે પણ હાઉસી રમાડવામાં આવશે.

આ પ્રોગ્રામના અલ્પાહારના દાતા શ્રીમતી કાંતાબેન શશીકાંતભાઈ ગાંધી (મોઢેરા) તરફથી મંડળને રૂા.૧૦,૦૦૦/- નું દાન મળેલ છે. મહિલા મંડળ એમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

દરેક બાળકો તથા મહિલા મંડળના સભ્ય બહેનોને વિનંતી છે કે સમયસર પધારવું.

દેવલ કિરણ શાહ-મંત્રી • સોનલ સંજયભાઈ શાહ-સહમંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ સમાજ

### સમ્યગ્જ્ઞાન પ્રસાર નિધિ યોજનાના કાયમી દાતા

શ્રી દિલીપભાઈ ભોગીલાલ શાહ (ભાલક-અમદાવાદ)
શ્રીમતી નીતાબેન પ્રમોદકુમાર શાહ (ખારોદ-અમદાવાદ)
શ્રીમતી ભાનુમતીબેન નીતિનભાઈ શાહ (રણુંજ-અમદાવાદ)
શ્રીમતી રંજનબેન કીર્તિકુમાર શાહ (ધીણોજ-સુરત)
શ્રી કિયાન પ્રતિકુમાર શાહ (બોરીયાવી-અમદાવાદ)
શ્રીમતી કંચનબેન ચંપકલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)
શ્રી નીતિનભાઈ રીખવચંદ શાહ (રણુંજ-અમદાવાદ)
શ્રી સુરેશકુમાર રસિકલાલ ગાંધી (રણુંજ-અમદાવાદ)
શ્રીમતી પ્રવિણાબેન કિરણકુમાર શાહ (સમોઆ-અમદાવાદ)
શ્રીમતી આરતીબેન કુમારપાળ શાહ (બોકરવાડા-અમદાવાદ)
શ્રીમતી અનિલાબેન મહેન્દ્રકુમાર શાહ (સમોઆ-અમદાવાદ)
શ્રીમતી વિશાખાબેન બીપીનચંદ્ર શાહ (દાણોદરડા-અમદાવાદ)
શ્રીમતી પુષ્પાબેન કુમારપાલ શાહ (પિંઢારપુરા-અમદાવાદ)
શ્રી રમણલાલ ભીખાભાઈ શાહ (સિદ્ધપુર)
શ્રીમતી પ્રવિણાબેન બકુભાઈ ગાંધી (સમોઆ-અમદાવાદ)

### શૈક્ષણિક યોજના કાયમી દાતા

શ્રીમતી નીલાબેન લાલચંદભાઈ ગાંધી (મોઢેરા-મુંબઈ)
શ્રીમતી કંચનબેન જયંતિલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)
શ્રી રીખવચંદ દલીચંદ શાહ (જંત્રાલ-અમદાવાદ)
શ્રીમતી નિર્મલાબેન જસવંતલાલ શાહ (રણુંજ-અમદાવાદ)
શ્રી મહેન્દ્રભાઈ તલકચંદ શાહ (દેલોલી-રાજકોટ)
શ્રીમતી સુશીલાબેન ભીખાલાલ શાહ (ગાંભુ-અમદાવાદ)
શ્રીમતી જયાબેન ભાઈલાલભાઈ ગાંધી (સમોઆ-અમદાવાદ)
શ્રી રમણલાલ વાડીલાલ શાહ (બોરીયાવી-યુએસએ)
શ્રી શાંતિલાલ કાલીદાસ શાહ (લણવા-અમદાવાદ)
શ્રીમતી મંજુલાબેન ચીનુભાઈ શાહ (ઉનાવા-રાજકોટ)
શ્રીમતી વિમલાબેન નટવરલાલ શાહ (લાછડી-અમદાવાદ)

### સાધર્મિક યોજના કાયમી દાતા

શ્રી સુમતીલાલ કેશવલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)
શ્રીમતી શિલ્પાબેન મયુરભાઈ શાહ (રણુંજ-અમદાવાદ)
શ્રીમતી શાંતાબેન રીઠવચંદ શાહ (જંત્રાલ-અમદાવાદ)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ (દેલોલી-રાજકોટ)
શ્રીમતી પ્રેમીલાબેન લહેરચંદ શાહ (ઉનાવા-પાટણ)
શ્રી ભાઈલાલભાઈ નટવરલાલ ગાંધી (સમોઆ-અમદાવાદ)
શ્રી ભીખાભાઈ ચીમનલાલ શાહ (ગાંભુ-અમદાવાદ)
શ્રીમતી સુશીલાબેન સૂર્યકાંતભાઈ શાહ (ઉનાવા-અમદાવાદ)
શ્રી સૂર્યકાંતભાઈ કેશવલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)
શ્રીમતી મંજુલાબેન રસીકલાલ શાહ (ખારોડ-પૂણા)
શ્રી દિનેશભાઈ છનાલાલ શાહ (ભાલક-અમદાવાદ)
શ્રી રસિકલાલ ચીમનલાલ શાહ (લણવા-અમદાવાદ)
શ્રી દિલીપભાઈ રતિલાલ શાહ (ખારોડ-મુંબઈ)
કુમારિકા સાધનાબેન સૂર્યકાંતભાઈ શાહ (ઉનાવા-અમદાવાદ)
શ્રી શાંતિલાલ કાલીદાસ શાહ (લણવા-અમદાવાદ)
શ્રી ચિનુભાઈ ખબિલદાસ શાહ (ભાલક-અમદાવાદ)

### મેડીકલ યોજના કાયમી દાતા

શ્રી જસવંતલાલ ચીમનલાલ શાહ (રણુંજ-અમદાવાદ)
શ્રીમતી જીગલબેન જયદિપભાઈ શાહ (દેલોલી-રાજકોટ)
શ્રીમતી ઉર્મિલાબેન હસમુખભાઈ શાહ (ઉનાવા-અમદાવાદ)
શ્રી અશ્વિનભાઈ અમૃતલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)
શ્રીમતી જયાબેન ભાઈલાલભાઈ ગાંધી (સમોઆ-અમદાવાદ)
શ્રી સુંદરલાલ જેશીંગભાઈ શાહ (ઉનાવા-અમદાવાદ)
શ્રીમતી. નારંગીબેન સુંદરલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)
શ્રીમતી મેઘનાબેન મૌલિકભાઈ ગાંધી (મોઢેરા-અમદાવાદ)
શ્રી શાંતિલાલ કાલીદાસ શાહ (લણવા-અમદાવાદ)
શ્રી નરોત્તમદાસ ઉત્તમલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)

સેવા
સહકાર
સંકલન
સંગઠન

# સંપાદકિય

જીવન પેનડ્રાઈવ નથી કે...
મનપસંદ ગીત વગાડી શકાય...
જીવન તો રેડીયા જેવું છે...
ક્યારે કયું ગીત વાગે તેની ખબર જ
ના હોય.

રૂદ્રાક્ષ હોય કે માણસ
એક મુખી બહુ 'મુશ્કેલથી' મળે છે.

જે વ્યક્તિ પાસે
માફ કરવાની શક્તિ
જેટલી વધારે હોય છે
એમના 'સંબંધો' નો વિસ્તાર પણ
એટલો જ વિશાળ હોય છે.

'પદ' થી મળતી પ્રતિષ્ઠાનો
સમય મર્યાદિત છે
પણ,
'વ્યકિતત્વ' થી પ્રાપ્ત થતી પ્રતિષ્ઠા
આજીવન છે.

પ્રેરણા પ્રોત્સાહન અને પ્રયાસ..
આ ત્રણ શબ્દો
આપણું જીવન બદલી નાખે છે.

જો જીવન માં શાંતિ જોઈતી હોય તો
આપણે આપણા કામ પર
ધ્યાન આપવું જોઈએ,
લોકોની વાતો પર નહીં...

એજ વ્યક્તિ
દરેક સબંધો ને સાચવી શકે
જેનામાં
ક્યારે શું જતું કરવું
એની આવડત હોય ..!

જો તમે ઈચ્છો છો કે
કંઈક સારું થાય,
તો તેની શરૂઆત
તમારે જ કરવી પડશે.

એ લોકોને
ખુશી જરૂર મળે છે,
જે અન્યોની ખુશી નો
ખ્યાલ રાખે છે.

જીતવું મહત્ત્વનું નથી હોતું
પરંતુ
જીતવા માટે
પ્રયાસ કરવાનું
મહત્ત્વનું હોય છે.

સાચું સુખ
સારા સ્વાસ્થ્ય અને
સંતોષી મનમાં રહેલું છે.

પ્રાર્થનાનો અર્થ
માંગણી નથી,
મન શાંત કરવાની
લાગણી છે...

દુનિયામાં સૌથી ભાગ્યશાળી એ છે,
જેની પાસે
ભોજન સાથે ભૂખ છે,
પથારી સાથે ઊંઘ છે
અને
ધન સાથે ધર્મ છે.

"નથી" તેની ચિંતા છોડશો,
તો "છે" તેનો આનંદ
માણી શકશો.

જે દોરાની ગાંઠ ખોલી શકાય,
તેના પર...
કાતરનો
ક્યારેય ઉપયોગ
ન કરવો જોઈએ !!!
આ એક નાની બાબત છે
પણ વિચારવા જેવી છે.

જ્યાં "મૌન" થી કામ ચાલે
ત્યાં "ગર્જના" નકામી છે.

જવાબદારી એ
એવું પાંજરૂ છે.
જેમાં માણસ
આઝાદ હોવા છતાં
કેદ હોય છે.

ઉંચાઈ અને ઉંમર,
એક વાર વધે પછી ઘટે નહિ,
તેમ
લાગણી અને વિશ્વાસ
એક વાર ઘટે પછી વધે નહિ.

સમજી વિચારીને બોલવું,
એક કળા છે
અને
મૌન રહેવું તે પણ
સાધનાથી ઓછું નથી.

"મતલબ" બહુ વજનદાર
હોય છે...
નીકળી ગયા પછી
સંબંધને હલકો કરી નાખે છે !

સમજદાર વ્યક્તિનું
દિમાગ ચાલે છે,
જ્યારે
મૂર્ખ વ્યક્તિ ની જીભ.

આયોજનપૂર્વક
ગોઠવી ને
સભાન અવસ્થામાં
જૂઠું બોલવું
તેનું નામ કપટ

સંબંધ-સંબંધ માં ફેર હોય છે..
કેમ છો - એ બધા ને પૂછી શકાય
પરંતુ શું કરો છો-
એ અમુક ચોક્કસ ને જ
પૂછી શકાય.

સ્મિત કરતો ચહેરો
તમારી શાન વધારે છે.
પરંતુ,
સ્મિત સાથે કરેલું કાર્ય
તમારી ઓળખ વધારે છે.

પ્રમોદ એન. ગાંધી-સંપાદક ● બકુભાઈ સી. ગાંધી-સહસંપાદક

# SEEING IS BELIEVING, JUST VISIT US



KINGS MARVELA
KV
@KINGS VILLA

**Villa**
Inspired by
**European Architecture**

**Gift your loved one**
**A dream villa**
**@ Kings Marvela**

LAND SIZE : 800 - 3000 SQ. YD.
CONSTRUCTION : 300 & 675 SQ. YD.











(SCAN FOR VIDEO)

**76000 71203 / 07, 99242 22538**

WEBSITE : (WWW.KINGSVILLA.IN)

***FULLY FURNISHED VILLA (PROJECT BY KINGSVILLA)***
***(ENJOY THE EXOTIC LIVING, DERASAR & KINGS CLUB IN VICINITY)***

**સંસારની બધી સ્ત્રીઓ પોતાના દીકરાને શ્રવણ બનાવવા માંગે છે પણ પોતાના પતિને શ્રવણ બનતા નથી જોઈ શકતી.**

પિતા વૃદ્ધ થઈ ગયા હતા અને ચાલતી વખતે તેમને દિવાલનો સહારો લેવો પડતો. પરિણામે તે જ્યાં પણ સ્પર્શ કરતા હતા ત્યાં દિવાલોનો રંગ ઊતરી ગયો હતો અને તેમના ફિંગરપ્રિન્ટ્સ દિવાલો પર છપાઈ ગયા હતા.

મારી પત્નીની નજર એ ફિંગરપ્રિન્ટ્સ પર પડી. તે પછી તે ગંદી દેખાતી દિવાલો વિશે ઘણીવાર ફરિયાદ કરતી રહેતી.

એક દિવસ, પિતાજીને માથાનો દુખાવો થતો હતો, તેથી તેણે તેમના માથા પર થોડું તેલ માલિશ કર્યું. જેથી ચાલતી વખતે દીવાલોનો સહારો લેતાં દીવાલો પર તેલના ડાઘા પડી ગયા.

આ જોઈને મારી પત્નીએ બૂમાબૂમ કરી મૂકી. અને બદલામાં મેં મારા પિતા પર બૂમો પાડી. તેમની સાથે અસંસ્કારી રીતે વાત કરી અને તેમને ચાલતી વખતે દિવાલોને સ્પર્શ ન કરવાની સલાહ આપી.

તેમનું દિલ મારા આ વર્તનથી દૂભાયું પણ તેઓ કશું બોલ્યા નહીં. મને પણ મારા વર્તનથી શરમ આવી, પણ મેં કશું કહ્યું નહિ.

તે પછી પિતાજી એ ચાલતી વખતે દીવાલોનો સહારો લેવાનું છોડી દીધું. એક દિવસ તેઓ ચાલતાં ચાલતાં પડી ગયા અને પથારીવશ થઈ ગયા. અને થોડા દિવસોમાં આ દુનિયા છોડીને ચાલ્યા ગયા.

મેં મારા હ્દયમાં અપરાધની લાગણી અનુભવી. મેં તેમનું દિલ દૂભવ્યુ હતું તે ક્યારેય ભૂલી શક્યો નહીં, તેમના અવસાન માટે મારી જાતને માફ ન કરી શક્યો.

થોડા સમય પછી, અમે અમારા ઘરને રંગરોગાન કરાવવા માંગતા હતા.તે માટે જ્યારે કારીગરો આવ્યા, ત્યારે મારા પુત્ર એ જે તેના દાદાને પ્રેમ કરતો હતો તેણે કારીગરો ને મારા પિતાના ફિંગરપ્રિન્ટ્સ સાફ કરવા અને તે વિસ્તારોને રંગવા ન દીધા.

કારીગરો ખૂબ સારા કલાકારો હતા. તેઓએ તેને ખાતરી આપી કે તેઓ મારા પિતાના ફિંગરપ્રિન્ટ્સ/હેન્ડપ્રિન્ટ્સને દૂર કરશે નહીં. તેમણે આ નિશાનોની આસપાસ એક સુંદર વર્તુળ દોર્યું અને એક સુંદર ડિઝાઇન બનાવી દીધી.

તે પછી તે ડીઝાઇન એમ ને એમ જ રહી બલ્કે તે પ્રિન્ટ અમારા ઘરનો ભાગ બની ગઈ. અમારા ઘરની મુલાકાત લેનાર દરેક વ્યક્તિ અમારી એ અનન્ય ડિઝાઇનની પ્રશંસા કરતાં.

સમય સાથે હું પણ વૃદ્ધ થયો.

હવે મને પણ ચાલવા માટે દીવાલના સહારાની જરૂર પડવા લાગી. ચાલતી વખતે એક દિવસ મારા પિતાને મેં જે કઠોર



શબ્દો કહ્યાં હતા તે યાદ આવ્યા.

મેં આધાર વિના ચાલવાનો પ્રયાસ કર્યો. મારા પુત્રએ આ જોયું અને તરત જ મારી પાસે આવ્યો અને ટેકા વિના હું પડી ગયો હોત તેવી ચિંતા વ્યક્ત કરી અને મને ચાલતી વખતે દિવાલોનો ટેકો લેવા કહ્યું. મેં જોયું કે તે સાથે તેણે મને પકડી ને ટેકો આપ્યો.

મારી પૌત્રી પણ તરત જ આગળ આવી અને પ્રેમથી મને તેના ખભા પર ટેકો આપવા કહ્યું. હું બહુ ભાવુક થઈ ગયો, મારી આંખોમાં ઝળઝળીયાં આવી ગયા. જો મેં મારા પિતા માટે પણ એવું જ કર્યું હોત, તો તેઓ લાંબા સમય સુધી જીવ્યા હોત.

મારી પૌત્રીએ મને શાંત પાડ્યો અને મને સોફા પર બેસાડ્યો.

પછી તેણે તેની ડ્રોઇંગ બુક કાઢી અને તેમાં તેના શિક્ષકે તેના ચિત્રની પ્રશંસા કરી હતી અને તેને ઉત્તમ ગ્રેડ આપ્યો હતો તે મને બતાવ્યું.

તે ચિત્ર દિવાલો પર પડેલી મારા પિતાના હાથની છાપનું હતું. અને તેના પર રિમાર્ક લખી હતી. – "કાશ દરેક બાળક વડીલોને એ જ રીતે પ્રેમ કરે".

હું મારા રૂમમાં પાછો આવ્યો અને ખૂબ રડી પડ્યો . મેં મારા પિતા પાસેથી માફી માંગી પરંતુ મોડું થઈ ગયું હતું. હવે તો તેઓ હયાત ન હતા.

આપણે પણ સમય સાથે વૃદ્ધ થઈએ છીએ. ચાલો આપણા વડીલોનું ધ્યાન રાખીએ અને આપણા બાળકોને પણ એ જ શીખવીએ.

– સૌજન્ય : ડૉ.એસ.પી. ચૌધરી


shrut ratnakar

# શ્રુતરત્નાકર

અમદાવાદના આંગણે અનેરો અવસર

## જૈનવિદ્યા અભ્યાસક્રમ

જૈન ધર્મમાં જ્ઞાન, યોગ, ધ્યાન, કર્મ, કાળચક્ર, જૈન આચાર, આગમોની રચના, નવ તત્ત્વ, છ દ્રવ્ય, અનેકાંતવાદ વગેરે જેવા વિશિષ્ટ મુદ્દાઓ વિશે જાણવા ઉત્સુક જિજ્ઞાસુઓ માટે ઉપયોગી કોર્સ

**જૂન ૨૦૨૪ થી સપ્તાહમાં એક વાર**

દર શનિવારે બપોરે ૧-૦૦ થી ૫-૦૦ વાગ્યા સુધી

**સ્થળ**

૮૦૩, સારપ બિલ્ડીંગ, નવજીવન પ્રિન્ટીંગ પ્રેસ સામે, આશ્રમ રોડ, અમદાવાદ

**સંપર્કસૂત્ર**

M.98981-09273/99740 95161

shrutratnakari@gmail.com - www.shrutratnakar.org


## બદલાયેલા સરનામા

અમદાવાદ

**સુરેશચંદ્ર માધવલાલ શાહ.....................(બોકરવાડા)**
સી-૨૦૨, નિર્માણ હેબીટેટ, કર્મચારીનગર, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧. મો.: ૯૭૨૬૧૫૫૮૧૦

**ધીરૂભાઈ લહેરચંદ શાહ.......................(બોકરવાડા)**
એચ-૬૯, વિમલનાથ કો.ઓ.હા.સો.લી. દેરાસરની બાજુમાં, વીરાભગત કોટેજ સામે, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪.

**હાર્દિક હસમુખલાલ શાહ......................(પીંઢારપુરા)**
૫૦૪, અવધહીત ફ્લેટ, મ્યૂ.સ્કુલની પાછળ, સીદ્ધી વિનાયક મંદીર પાસે, પ્રભુદાસ ઠક્કર કોલેજ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

**દિપકકુમાર ચંદ્રકાન્ત શાહ..........................(ઊનાવા)**
બી-૨૦૧, સારાંશ એમ્બીઅન્સ, પૂજન ફ્લેટ સામે, જીવરાજ મહેતા હોસ્પીટલ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

નવા સભ્ય

**કરન જીતેન્દ્રકુમાર નટવરલાલ શાહ...............(લાછડી)**
સી-૧૦૪, પુષ્કર-૩, પી. ટી. કોલેજ રોડ, સાગર હોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૯૯૮૬૧૦૬૬૬


લગ્ન ઈચ્છુકનો બાયોડેટા ફોટો સાથે વિનામૂલ્યે પ્રગટ કરવામાં આવશે.

સુસ્પષ્ટ અક્ષરે લખાણ હોવું જરૂરી છે.



KINGS ABODE
@KINGS VILLA
KV

**Villa**
Inspired by
**Modern Architecture**

**Gift your loved one
A dream villa
@ Kings Abode**

**LAND SIZE : Aprox 700 - 1700 SQ. YD.**
**CONSTRUCTION : Aprox 200 SQ. YD.**





## OTHER AMENITIES

CLUB | DERASAR | WATER PARK | ATV BIKE| RESTAURANT | BANQUET
RAIN DANCE FLOOR | GAMING ZONE & MANY MORE...

## OTHER ATTRACTIVE PROJECTS

**KINGS CASTLE** **KINGS AURA**
**KINGS GLORY** **KINGS LEGACY**

(SCAN FOR LOCATION)

**76000 71203 / 07, 99242 22538**

***KINGSVILLA, OPP. BAVLA WATER TANK.
NEAR ADRODA VILLAGE (7 KM FROM BAVLA)***

કાશીબાનો પતિ હાઈસ્કુલમાં પટાવાળા તરીકે ફરજ બજાવતો હતો. તે છ માસ પહેલા ગુજરી જતાં કાશીબાને આવકનું કોઈ સાધન રહેલ નહિ. પણ હિંમત હાર્યા વગર તેણે બે-ત્રણ ઘરનાં વાસણ – કપડાં ધોવાનું કામ શરૂ કર્યું. તે મારા ઘરે પણ કામ કરવા આવતાં. તેમના ફેમિલીપેન્શન માટે તેમણે શિક્ષણ કચેરીએ અનેક ધક્કા ખાધા. પણ કોઈ મેળ પડ્યો નહિ. એક યા બીજું બહાનું બતાવી અધિકારીઓ તેમનું કામ ટલ્લે ચડાવતા. એક વખત તેમણે મને કહ્યું, "ભાઈ, તમારે શિક્ષણ કચેરીમાં કોઈ ઓળખીતું હોય તો મારા ફેમિલીપેન્શનનું કામ કરાવી આપો તો સારું હું તો ધક્કા ખાઈ થાકી મારું કોઈ સાંભળતું જ નથી."

મેં તપાસ કરાવી તો મારી સાથે ભણતો રમેશ રાવલ તે ઓફિસમાં સુપરિન્ટેન્ડેન્ટ હતો. અમે એક જ ગામમાં, એક જ શાળામાં ભણેલા, આથી કાશીબાનું કામ સરળ થઈ જશે એવા વિશ્વાસ સાથે કાશીબાના પેન્શનની વિગત લઈ હું તેની ઓફિસે મળવા ગયો. મને જોઈ પહેલાં તો તે મને ઓળખી ન શક્યો. મેં મારી ઓળખાણ આપી ત્યારે તે હસીને બોલ્યો, "આવ, વિનોદ, ઘણાં વર્ષે દેખાયો. બેસ, તારું કેમ ચાલે છે? માસ્તરગીરી જ કરશે કે કંઈ આગળ વધ્યો?"

"માસ્તરગીરી મને ગમે છે. તેથી બીજું કરવા વિચારેલ નથી."

તેણે ચા મંગાવી. અમે બંને જણાએ ચા પીધી. થોડી કૌટુંબિક વાત કરી. પછી મેં કાશીબાની વાત કરતાં કહ્યું, "બાઈ બહુ ગરીબ છે. વળી અભણ છે. તેના મૃત પતિનું ફેમિલીપેન્શન ઘણા સમયથી તારી ઓફિસમાં અટવાય છે. તેનું ફેમિલીપેન્શન જલદી મંજૂર થઈ જાય તે કામે જ ખાસ તારી પાસે આવ્યો છું."

સાંભળી તે હસતાં હસતાં બોલ્યો, "ભાઈ, આજના જમાનામાં વ્યવહાર કર્યા વગર તો કોઈ કામ ઝડપથી પતતું નથી. બીજાના પાંચ હજાર લઉં છું. પણ તારી ઓળખાણના હિસાબે ત્રણ હજારમાં કામ પતાવી દઈશ."

મેં કહ્યું, "આ તો તારા હાથની વાત છે. બાઈ બહુ ગરીબ છે. તે ત્રણ હજાર કાઢી શકે એમ નથી. વળી આ તો તેનો કાયદેસરનો હક્ક છે આપણે કંઈ ખોટું કરવાનું નથી."

"તો કામ પણ કાયદેસર થતું હશે તેમ થશે. તારે ચિંતા કરવાની જરૂર નથી."

મને થયું આ લોહી ચાખી ગયેલ માણસ પૈસા વગર કામ નહિ કરે અને કાશીબાનું પેન્શન અટવાતું રહેશે. તેથી મેં તેને કહ્યું કે "તેના ત્રણ હજાર રૂપિયા હું આપી દઈશ. પણ જલદી તેનું પેન્શન મંજૂર થઈ જાય તેમ કર."

"ભલે, એક અઠવાડિયમાં તે પેન્શન મંજૂરીનો પત્ર મળી જશે. તું શુક્રવારે મારી પાસે આવજે. તને પણ તેની કોપી હાથોહાથ આપીશ. તારું કામ ઝડપી પતાવી આપીશ."

આટલી વાત કરી બીજી લપ્પન-છપ્પન કર્યા વગર હું ઓફિસની બહાર




નીકળી ગયો. ત્યાં જ તે ઓફિસમાં ફરજ બજાવતો મારો ઓળખીતો રાજુ પટાવાળો મને સામે મળ્યો. મને જોઈ તેણે મને પૂછ્યું "સાહેબ, તમે અહીંયાં ક્યાંથી?"

"હું રાવલસાહેબને મળવા આવ્યો હતો," સાંભળી તે હસતાં હસતાં કહેવા લાગ્યો. 'કોઈ કામ માટે તેમની પાસે ગયો હો તો આશા મૂકી દેજો. તે સગા ભાઈને પણ છોડતો નથી. ખૂબ પૈસા બનાવ્યા છે. ઓફિસમાં તો બધા તેને રાવણસાહેબ કરે છે."

"જે થાય તે ખરું," એમ કહી હું ઘર ભેગો થઈ ગયો. તેના વર્તનથી મારું મન ખાટું થઈ ગયું. મારે પૈસા આપવા પડ્યા તેનું દુઃખ ન હતું. પણ એક શિક્ષક થઈ મેં લાંચ આપી તેનું વધારે દુઃખ હતું. આખરે શુક્રવારે ત્રણ હજાર રૂપિયા લઈ હું મળવા ઓફિસે ગયો. તેણે મને આવકાર આપી બેસાડી કહ્યું : "ભાઈ, તારું કામ તો મારે કરવું જ પડે. આજે જ મેં ઓર્ડર રવાના કરી દીધો છે. આ તેની કોપી તને આપું છું." એમ કહી તેણે ઓર્ડરની કોપી મને આપી. મેં ત્રણ હજાર તેને આપી દીધા. પછી મેં કહ્યું "તું મિત્ર છો, આપણે એક જ ગામના છીએ એટલે કહું છું. ખોટું ના લગાડીશ. પૈસા મેળવવાના તારી પાસે અનેક રસ્તા છે. પણ આવી કોઈ ગરીબ વિધવાના પૈસા ન લે તો સારું. વિધવાની હાય બહુ ખરાબ હોય છે."

"આજના જમાનામાં આવું વેદિયાપણું મને પોષાય નહિ. તને દયા આવતી હોય તો બધી વિધવાને તું સહાય કરજે."

"બધી વિધવાઓને સહાય કરવાનું મારું ગજું નથી. છતાં કોઈ વિધવા મારી પાસે સહાય માગવા આવશે તો મારાથી બનતી મદદ જરૂર કરીશ."

મારી વાત સાંભળી તેને ખોટું લાગ્યું.

આ વાતને પાંચ વરસ વીતી ગયા. એક સવારે હું છાપુ વાંચતો હતો ત્યારે એક ભાઈ મારું સરનામું પૂછતા ઘરે આવ્યા. એણે મને કહ્યું "રાવલસાહેબ બહુ બીમાર છે. એને તમારું ખાસ કામ છે. તેથી બની શકે તેટલા વહેલા મળી જવાનું તેમણે કહેવડાવ્યું છે."

"હું કાલે તેમને મળવા આવી જઈશ." એમ કહી મેં તેને રવાના કર્યો. ગમે તેમ તોય એ મારો મિત્ર અને મારા ગામનો છે. આવી બીમારીના પ્રસંગે મારે તેને મળવા જવું જોઈએ, એમ વિચારી બીજા દિવસે હું રિક્ષા કરી તેમને ઘરે પહોંચ્યો. પોશ લોકાલીટીની સોસાયટીમાં તેનો બંગલો હતો. સુંદર બગીચાથી અને ફર્નિચરથી બંગલો સજાવેલો હતો. હું અંદર ગયો. રૂમમાં રાવલસાહેબ પલંગ ઉપર એકલા બેઠા હતા. દેખાવ પરથી જ તેમની તબીયત લથડેલી જણાતી હતી. પહેલાંનો રોફ અને દબદબો ક્યાંય ચાલ્યા ગયા હતા. મને જોઈ તે એકદમ આનંદમાં આવી ગયા. તેમણે પ્રેમથી મને બેસાડ્યો. તેમની તબીયતના સમાચાર પૂછતાં તેમની આંખોમાંથી આંસુ ટપકી પડ્યાં. ગદ્ગદ્ કંઠે તે બોલ્યા, "શું વિનોદ, મારા હાથના કર્યા મને હૈયે વાગ્યાં છે. તે વખતે તેં મને સૂચન કરી ચેતવેલો કે ગરીબના પૈસાની હાય ખરાબ હોય છે. તે વખતે મને પૈસાનો ઘમંડ હતો.

તેથી મને ખોટું પણ લાગેલ. પણ આજે મારાં પાપ ફૂટી નીકળ્યાં છે. જ્યારે ભોગવવાનો સમય આવ્યો ત્યારે શરીર દગો દઈ બેઠું. કેન્સરના મહારોગે મારા શરીરને ભરડો લીધો છે."

મેં તેને આશ્વાસન આપતાં કહ્યું : "હોય, રોગ છે તો ઉપચાર પણ છે. આજના મેડિકલ સાયન્સે ઘણી પ્રગતિ કરી છે. સારી સારવારથી રોગ મટી જશે. એમાં હિંમત હારવાની ન હોય."

"ભાઈ, રોગ મટે કે ન મટે તેની મને કોઈ ચિંતા નથી. પણ આજે બધાં મારા તરફથી મોં ફેરવી બેઠાં છે. દુનિયાનો નિયમ છે ઊગતાને બધાં વધાવે છે અને પડતાને બધાં પાટુ મારે છે. કોઈ મને મળવા આવતું નથી. આજે મારી પાસે પૈસો છે. પણ મારી સ્થિતિ નરક કરતાં પણ બદતર છે. મેં પૈસા પાછળ ધ્યાન આપ્યું તેમાં મારા છોકરાઓ આડા રવાડે ચડી ગયા. દીકરી મામૂલી ડ્રાઈવર સાથે લગ્ન કરી ભાગી ગઈ. મારા ઘરમાં પણ મને હૂંફ આપનાર કોઈ નથી. આજે મને સમજાયું કે પૈસા મેળવી મેં ઘણુંબધું ગુમાવેલ છે. પસ્તાવો મારા હ્રદયને કોરી ખાય છે. સમય પસાર થતો નથી. વિચારોના વંટોળમાં ભટક્યા કરું છું. પણ હવે બધું નકામું છે. મારા મનમાં એક વિચાર આવ્યો તેથી તને ખાસ બોલાવ્યો છે. મારું આ પહેલું અને છેલ્લું કામ તારે કરવું જ પડશે. કારણ કે મારા આપ્તજનો પર મને વિશ્વાસ નથી. તું ઈમાનદાર અને સિદ્ધાંતવાદી છો." એમ ક હી તેણે ઓશીકા નીચે રાખેલ ચોપડીમાંથી એક ચેક આપતાં કહ્યું, "જીવનમાં કંઈ સારું કામ કર્યું નથી. પણ આ એકાવન લાખનો ચેક તને આપું છું. તે પૈસા તું વિધવાઓ અને ગરીબોને મદદ કરવામાં વાપરજે. જાણું છું કે પૈસાથી પાપ ધોવાતાં નથી. છતાં મરતાં મરતાંએ મને આ કામથી થોડો સંતોષ થશે."

મારે કાંઈ બોલવાપણું હતું નહિ. છતાંય તેને અપાય તેટલું આશ્વાસન આપી હું ઘરે આવ્યો. રાવલસાહેબની અનીતિનો આવો કરુણ અંજામ આવશે એવું મેં સ્વપ્નેય વિચારેલ નહિ.

– સૌજન્ય : અખંડ આનંદ

## ધાર્મિક સમાચાર

❁ જિનાલય એટલે આધ્યાત્મિક ઉન્નતિ માટેનું પવિત્ર અને ધ્યાનનું કેન્દ્ર છે. પરંતુ શિખરે ઊંચા આકાશમાં ફરફરતી એની ધ્વજા ધ્યેયહીન માનવને ઉચ્ચ ધ્યેયના આદર્શની પ્રેરણા આપે છે. ભાલક તીર્થની ધન્યધરાએ શ્રી ધર્મનાથ સ્વામી અને કેસરીયા આદિનાથ સ્વામી જિનાલયે ૧૭૮મી સાલગીરી ધ્વાજરોહણ પ્રસંગ વૈશાખ સુદ-૬ ને તા.૧૩-૦૫-૨૦૨૪ના રોજ ખૂબ જ ઉલ્લાસપૂર્વક સંપન્ન થયો. આ પ્રસંગે ૨૧૦ વ્યક્તિઓની હાજરી રહી. હાજર રહેલ સૌ ભાવીકો નવકારશી, સ્નાત્રપૂજા, તેમજ સત્તરભેદી પૂજામાં સહયોગી બન્યા. ત્યારબાદ વૈદીક મંત્રોચ્ચાર સાથે શ્રી અંબાલાલ ઝવેરચંદ શાહ પરિવાર તેમજ કલાવતીબેન કાન્તીલાલ શાહ પરિવાર દ્વારા ધ્વજા રોહણ સંપન્ન થયું. બપોરે જમ્યા પહેલા જનરલ સભા મળી, જેમાં ઓડીટ રીપોર્ટ મંજૂરી સાથે અન્ય ઠરાવ કરવામાં આવ્યા. જીવદયા ધામ – પાંજરાપોળ માટે રૂા. ૧.૫૧ લાખ મુજબ વધુ ચાર – (૪) દાતાશ્રીઓના નામ પણ જાહેર થયા. આ ચાર દાતાશ્રીઓને કેસરનો ચાંદલો કરી, બાદલુ લગાવી, ચાંદીની લગડી તેમજ પૂજાની જોડ આપી સન્માન-બહુમાન કરવામાં આવ્યું. જીવદયાધામ-પાંજરાપોળમાં મુખ્ય દાતાશ્રી સહીત અન્ય દાતાશ્રીઓની તક્તીનું અનાવરણ સંઘના પ્રમુખ શ્રી તેમજ શ્રેષ્ઠીવર્ય દાતાશ્રી દિપીલભાઈ બી. શાહના વરદ્ હસ્તે, સંઘના હોદ્દેદારોની હાજરીમાં "જૈનમ્ જયતી શાસનમ્" ના નારા સાથે ઊલ્લાસ પૂર્વક માહોલમાં કરવામાં આવ્યું. આ ઊપરાંત સંઘ સંચાલીત સંસ્થાનોના નિભાવ માટે એક દિવસીય તિથીના રૂા.૧૦૦૦/– ની યોજના મુકવામાં આવી જે ખૂબ જ આવકાર્ય રહી, ઊપસ્થીત સૌ એ (૫) પાંચ કે તેથી વધુ તિથી લખાવી લાભ લીધો. આમ ભાલક જૈન સંઘ માટે આજનો દિવસ યાદગાર અને સોનેરી રહ્યો. ઉપસ્થિત સૌને સંઘ પૂજન પણ કરવામાં આવ્યું. ચૌવિહાર બાદ આરતી, મંગળદિવો કરી સૌ અમદાવાદ પરત આવ્યા.

❁ શ્રી બોકરવાડા મુકામે વૈશાખ સુદ સાતમને તા.૧૫-૦૫-૨૦૨૪ને બુધવારના રોજ શ્રી અજીતનાથ ભગવાનની ૬૯મી સાલગીરી ધામધૂમથી ઉજવવામાં આવી. તે દિવસે ૨૦૦ વ્યક્તિઓની હાજરીમાં સત્તરભેદી પૂજા, દાદાની સાંજે ભવ્ય આંગી, ભાવના ભણાવી તેમજ આખું દેરાસર ૨૦૦ દિવડાઓથી અને વિવિધ ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. આ ઉપરાંત આખા ગમમાં લાડવાની પ્રભાવના તેમજ પક્ષીઓ માટે ચણ અને કૂતરાઓને દૂધ પીવડાવવામાં આવ્યું. સંપૂર્ણ દિવસનો લાભ શ્રીમતી કંચનબેન હરખચંદ પુનમચંદ શાહ પરિવારે લીધો હતો.

❁ ખરોડ નિવાસી શ્રી દિલીપભાઈ જેઠાલાલ શાહે પૂજ્ય પિતાશ્રી સ્વ.જેઠાલાલ, માતુશ્રી કલાવતીબેન, ધર્મપત્ની રેણુકાબેન તેમજ સુપુત્રશ્રી પ્રિયંકભાઈના આત્મશ્રેયાર્થે પરમાત્મા ભક્તિ સ્વરૂપ મહામંગલકારી શ્રી સિધ્ધચક્ર મહાપૂજન તા.૨૮-૦૪-૨૦૨૪ના રોજ નવનીતભવનમાં વિધિકારકશ્રી જીગરભાઈ શાહ અને સંગીતકારશ્રી રૂષભભાઈ શાહની સુરાવલિમાં ખૂબજ ઉલ્લાસપૂર્વક અને ધર્મમય માહોલમાં ભણાવ્યું. આ મહામૂલા અવસરે સગા-સંબંધી, સ્નેહીજનો તેમજ મિત્રવર્ગ અંદાજે ૩૫૦ જેટલા ભાવિક ભક્તોની હાજરી રહી. અબોલ પશુઓ માટે જીવદયાની ટીપ પણ કરવામાં આવી. ઉપસ્થિત સૌને પ્રભાવના તેમજ સાધર્મિક ભક્તિ પણ કરાવવામાં આવી. આ અનુષ્ઠાન પ્રસંગે તેઓશ્રીએ જ્ઞાતિમંડળ, અમદાવાદને સાધર્મિક સહાય યોજનામાં રૂા.૧૦,૨૦૦/–નો આર્થિક સહકયોગ આપેલ છે.

આપણે જ દુ:ખી
છીએ.....
અને
બીજા બધા જ સુખી
છે.....
એ આપણો ભ્રમ છે.....!

સમય અને સારા મિત્રો
આ બે એવી વસ્તુઓ છે
કે.....
આપણે
જેમ જેમ વૃધ્ધ થતાં
જઈએ.....
તેમ તેમ આ બન્ને
મુલ્યવાન થતાં જાય છે.

તમારું સન્માન એ
શબ્દોમાં નથી,
જે તમારી સામે બોલવામાં
આવે છે.
પરંતુ તે શબ્દોમાં છે
જે તમારી ગેરહાજરીમાં
તમારા માટે બોલવામાં
આવે છે.

જો તમારું ઘર બળતું હશે
તો
પીડા તમને એક ને થશે
પરંતુ જો તમારું ઘર બનતું
હશે તો
તેની પીડા આખા ગામ ને
થશે.

જીવન માં બીજાની
શિખામણ કરતા
પોતાની જાતે કરેલી
મથામણ
વધારે કામ આવતી
હોય છે.

નથી આસાન તોયે
માણવાની છે
...જિંદગી.....
અધરી છતાં મજાની છે

બધું તો ધાર્યું થતુ નથી
આપણુ......
પણ જે થાય છે....
એમાં જ
ખુશી શોધવાની છે

# અવસાન-શ્રધ્ધાંજલિ



**અશોકભાઈ હિંમતલાલ શાહ**
ગામ : વડાવલી
હાલ : વિલે પાર્લે,મુંબઈ
સ્વ. તા.૨૯-૦૪-૨૦૨૪, સોમવાર



**અજીતભાઈ ધુલિદાસ શાહ**
ગામ : દેણપ
હાલ : પૂના
સ્વ. તા.૦૩-૦૫-૨૦૨૪, શુક્રવાર



**દિવ્યાબેન નરેન્દ્રકુમાર શાહ**
ગામ : ઊંઢાઈ
હાલ : બોરીવલી, મુંબઈ
સ્વ. તા.૦૩-૦૫-૨૦૨૪, શુક્રવાર



**નિર્મળાબેન જયંતીલાલ શાહ**
ગામ : ઊંઢાઈ
હાલ : વિલેપાર્લે, મુંબઈ
સ્વ. તા.૨૧-૦૫-૨૦૨૪, મંગળવાર



**રશ્મિબેન અરવિંદભાઈ શાહ**
ગામ : ઊનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૬-૦૫-૨૦૨૪, રવિવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**


## પરિવાર પત્રિકા

**તા.૦૧-૦૮-૨૦૧૬ થી અમલમાં લેવામાં આવતા જાહેરાતના ભાવ**

- ટાઈટલ-૪ (છેલ્લું પેઈજ)....................રૂા.૪૦૦૦/-
- ટાઈટલ-૩ (છેલ્લેથી અંદરનું પેઈજ)....................રૂા.૩૫૦૦/-
- (ટાઈટલ ૩ અને ૪ આર્ટપેપરમાં છપાશે)
- ઓર્ડીનરી એક પેઈજ....................રૂા.૩૦૦૦/-
- ઓર્ડીનરી અડધું પેઈજ....................રૂા.૨૦૦૦/-
- ઓર્ડીનરી પા પેઈજ....................રૂા.૧૫૦૦/-
- જન્મદિનની વધામણીની શુભેચ્છા જાહેરાત....................રૂા.૨૫૦/-
- સરનામા ફોન નંબરમાં ફેરફારની જાહેરાત....................રૂા.૧૦૦/-

A/c Name : Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal, Ahmedabad.
Bank : State Bank of India, Vasna, Ahmedabad.
A/c No. : 32075835516 ● IFSC : SBIN0002684


અવસાન/શ્રધ્ધાંજલી વિના મૂલ્યે ફોટા સાથે પ્રગટ કરવામાં આવે છે. જ્ઞાતિજનોએ આ અંગેના સમાચાર અમદાવાદ મંડળની ઓફિસે મોકલી આપવા.

## કોઈને દુ:ખી કરશો નહિ

મીઠાઈના નામો ભલે અલગ અલગ હોય, એના આકાર પ્રકારમાંય ભલે તફાવત હોય, એના આકાર પ્રકારમાંય ભલે તફાવત હોય, પરંતુ મીઠાઈના સર્વ સામાન્ય ગુણ તરીકે જેમ "ગળપણ'ની ગણના કરી શકાય એમ ધર્મના વિષયમાં સર્વ સામાન્ય ગુણ તરીકે "કોઈને દુ:ખ ન આપવું ગુણને આગળ કરી શકાય. બધાને સુખ આપવું એ શક્ય નથી, જ્યારે કોઈને દુ:ખ ન આપવું. આ તો શક્ય બની શકે એમ છે. કોઈને દુ:ખી કરવા એ એક જાતની હિંસા જ છે.

## નવકારનું સ્મરણ

નવકાર મંત્ર સર્વ મંત્રોમાં શિરોમણી છે. જીવનમાં વારંવાર એનું સ્મરણ જરૂરી છે. મરણ સમયે તો ખાસ. શ્રાવકના જીવનમાં આંખ ખોલીને જાગે ત્યારે નવકાર ગણવાનું વિધાન છે અને આંખ મીંચીને સુએ ત્યારે નવકાર ગણીને સુવાનું ફરમાન છે. નવકારને મનમાં સતત રાખો. પળભર પણ છેટો ન મૂકો. શિવસુખનું ફળ આપનારો આ આંબો છે. એનો જાપ દુર્ગતિનો નાશ કરે છે. ચૌદપૂર્વનો સાર છે. ભાવપૂર્વક એનું વારંવાર સ્મરણ કરો.

## મા-બાપને ભૂલશો નહિ

મા વિચારે છે કે મારો દિકરો આજે ભૂખ્યો ના રહે
અને
બાપ વિચારે છે કે મારો દિકરો કાલે ભૂખ્યો ના રહે.
બસ,
આ દુનિયામાં આ બે જ સંબંધો એવા છે કે
જેનું સ્થાન ભગવાન કરતાં પણ ઉંચું છે.

## સુવર્ણરજ

તમારૂ જીવન કે મારૂ જીવન સરળ ક્યારે ?
તમારા માટે કોઈની આંખ ભીંની થાય તો
તમારૂ જીવન સફળ છે.
પણ તમારા કારણે
કોઈની આંખ ભીંની ના થાય તો તમારૂ જીવન ફેઈલ છે.

ઉત્તમ કાર્ય, ઉત્તમ સમય
તેમજ ઉત્તમ વ્યક્તિની રાહ ન જુઓ,
હમણાં જે સમય તમારા હાથમાં છે એ જ ઉત્તમ સમય છે !!

# હાર્દિક અભિનંદન



શ્રી પંકજકુમાર બાબુલાલ શાહ અને
શ્રીમતી વસુબેન પંકજકુમાર શાહ ના પૌત્ર
(ભાલક - હાલ અમદાવાદ)
તેમજ
દ્વિજેશ પંકજકુમાર શાહ અને જીનીષા દ્વિજેશ શાહના પુત્ર

## જશ દ્વિજેશ શાહ

ને ખૂબ ખૂબ અભિનંદન

Western Michigan University- Michigan USA માંથી Aviation Flight Science ની ડિગ્રી પૂર્ણ કરવા માટે તથા સૌથી પડકારજનક Commercial Pilot License-Federal Aviation Administration USA માંથી પૂર્ણ કરવા બદલ અને USA ની પ્રતિષ્ઠિત United Airlines અને American Airlines નો ભાગ બનવા બદલ વિશેષ અભિનંદન.

આપણા સમાજના તમામ સભ્યોને
અમારા જીવનની આ મહત્વપૂર્ણ ઘટનામાં સહભાગી થઈને
ચિ. જશ ને
આશિર્વાદ પાઠવવા સાદર આમંત્રિત કરીએ છીએ.
અમે શાહ પરિવાર
ચિ. જશ ને
અઢળક આશિર્વાદ
તથા શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

**શુભેચ્છાઓ સહ આશીર્વાદ**

પંકજકુમાર શાહ - દાદા
વસુબેન શાહ - દાદી

હર્ષદકુમાર શાહ - નાના
નીલાબેન શાહ - નાની

દ્વિજેશ શાહ - પિતા
જીનીષા શાહ - માતા

અમિત જોષી - ફુઆ
નિર્મિતિ જોષી - ફિઆ



જશ દ્વિજેશ શાહ

R.N.I. Regd. No. : GujGuj/2003/11307 ● Postal Reg. No. : GAMC - 1401/2021-23 Publishing on 1st Date of every Month
Issued by SSP Ahmedabad Valid up to 31-12-2023 ● Posting at P.S.O. Ahmedabad on 1st date of every month
Licensed to Post Without Prepayment No.PMG/NG/102/2021-23 valid up to 31/12/2023



# તંત્રી હોવુ એટલે શું?

કોઈ ન્યુઝપેપર અથવા સામયિકના તંત્રી તરીકે પોતાનું નામ છપાય એ જેટલી ગૌરવપ્રદ ઘટના છે, એટલી જ જવાબદારીવાળી બાબત પણ છે. પોતાના તંત્રીપદ હેઠળ પ્રકાશિત સામયિકમાં કોઈ વિવાદાસ્પદ લખાણ પ્રગટ થયું હોય અને એની સામે લોકો રોષે ભરાય અથવા કોઈ કાનૂની કાર્યવાહી થાય ત્યારે એણે ખૂબ સાવધાનીપૂર્વક પોતાની ભૂમિકા નિભાવવાની રહે છે.

મોટાભાગનાં લગભગ તમામ સામયિકોમાં એવી નોંધ મૂકવામાં આવે છે કે, 'આ સામયિકમાં પ્રકાશિત લખાણ સાથે તંત્રી-સંપાદક સહમત હોય એ જરૂરી નથી. એ લખાણ માટે એના લેખક જવાબદાર છે.' કાનૂની નજરે આવી જાહેરાતનો કોઈ અર્થ નથી. તંત્રી-સંપાદક જ્યારે કોઈ લખાણ પોતાના સામયિકમાં પ્રગટ કરે છે, ત્યારે પરોક્ષરીતે તે એ લખાણ સાથે સંમત હોય છે જ. એની પાસે પ્રગટ કરવા માટે આવેલાં બધાં જ લખાણો એ પ્રગટ કરતો નથી હોતો. એને યોગ્ય લાગે, જરૂરી લાગે એટલી સામગ્રી જ એ પ્રકાશિત કરતો હોય છે. એને નકામી લાગતી સામગ્રીને ડસ્ટબીનમાં નાખે છે. કોઈ પણ લખાણ પ્રગટ કરતાં પહેલાં એની ચોકસાઈ અને ચકાસણી કરવાની જવાબદારી તંત્રી-સંપાદકની હોય છે. લેખક તો એક જ નકલમાં પોતાના વિચારો વ્યક્ત કરતો હોય છે, પરંતુ એ વિચારને હજાર-લાખો વાચકો સુધી પહોંચાડવાનું કામ તંત્રી-સંપાદક દ્વારા થતું હોય છે. એટલે ખરો જવાબદાર એ જ ગણાય.

ઘણી વખત કેટલાંક જ્ઞાતિ-સમાજમાં સામયિકો પ્રગટ થતાં હોય છે. સામાન્ય રીતે એમાં જ્ઞાતિ-સમાજના સમાચારો પ્રગટ કરવાનો અને જ્ઞાતિ-સમાજના બંધુઓને ઉપયોગી માહિતી પ્રગટ કરવાનો મર્યાદિત ઉદ્દેશ હોય છે. એમાં તંત્રી તરીકે ભલે કોઈ એક વ્યક્તિનું નામ લખાતું હોય, પરંતુ એને તંત્રી તરીકે કોઈ સ્વતંત્રતા આપવામાં આપવામાં આવતી નથી. એ માટે ના તો એને કોઈ વેતન આપવામાં આવે છે, કે ના તો કોઈ સ્વતંત્રતા આપવામાં આવે છે. સામાયિકમાં શું પ્રગટ કરવું અને શું પ્રગટ ન કરવું એ અંગેના નિર્ણય કરવા માટે એક ખાસ દોઢડાહી કમિટી બેઠેલી હોય છે. એટલે પેલા તંત્રીએ તો પોતાની પાસે આવેલી સામગ્રી ભેગી કરીને કમિટી સમક્ષ રજૂ કરવાની ક્લાર્ક અથવા પ્યુનની જવાબદારી નિભાવવાની હોય છે. કમિટી જે સામગ્રી પ્રગટ કરવા કહે એ સામગ્રીને, પોતાની આવડત મુજબ ભાષાકીય અને જોડણીકીય સુધારીને પ્રેસમાં પહોંચાડવાનું કામ એ કરે છે.

મને એકાદ ઘટનાનું સ્મરણ છે કે આવા એક સામયિકમાં પ્રગટ થયેલા વિવાદાસ્પદ લેખ માટે જ્યારે કાનૂની કાર્યવાહી થઈ ત્યારે માત્ર તંત્રીને જવાબદાર ગણાવીને કમિટીના સભ્યો વેરવિખેર થઈ ગયા હતા. ડહાપણ કરવા બધા તૈયાર હતા, પરંતુ જવાબદારી સ્વીકારવા કોઈ તૈયાર નહોતું ! એ વખતે બિચારા તંત્રી-સંપાદકની ભૂંડી દશા થઈ હતી. આવું ન બને એ માટે તંત્રીપદે પોતાનું નામ પ્રગટ કરનારે શરૂથી જ પોતાની ભૂમિકા અને પોતાની જવાબદારી સ્પષ્ટ કરી લેવી જોઈએ. સામયિકમાં પ્રકાશિત સામગ્રી બાબતે કાનૂની જવાબદારી કોની રહેશે એનો ખુલાસો દરેક અંકમાં પ્રગટ કરતા રહેવું જોઈએ.

ટૂંકમાં તંત્રી પાસે પૂર્ણ સ્વતંત્ર સત્તા હોવી જ જોઈએ; પણ એ પહેલાં એની પાસે ભાષાશુદ્ધિનું જ્ઞાન અને વર્તમાન પ્રવાહો સાથે એનું અનુસંધાન હોવું જોઈએ. કઈ-કઈ બાબતે સમાજમાં કેવા-કેવા વિવાદ પેદા થતા હોય છે અથવા થઈ શકે એની જાણકારી એને હોવી જોઈએ. પોતાના વાચકોને શેમાં રસ પડશે એનો ખ્યાલ રાખીને, વૈવિધ્યપૂર્ણ લેખનસામગ્રી પસંદ કરવામાં તંત્રી કુશળ હોવો જોઈએ. ક્યારેક સમાજને નવી દિશા આપે એવા નવા - ક્રાંતિકારી વિચારોનું સ્વાગત કરવાની ત્રેવડ પણ એનામાં હોવી જોઈએ. પરંપરા અને પ્રયોગ બંનેનું બેલેન્સ કરવાની ક્ષમતા તંત્રીમાં ન હોય તો એના સામાયિકની ગુણવત્તા શૂન્ય જ રહે છે. સામયિકમાં પ્રગટ કરવા માટે આવેલી સામગ્રીમાંથી પસંદ કરેલી સામગ્રીનો વિવેકપૂર્ણ ક્રમ ગોઠવવો (કયો લેખ અથવા વિભાગ આગળ લેવો અને કયો પાછળ લેવો), એનો લેઆઉટ ગોઠવવો, યોગ્ય પ્રૂફરીડિંગ કરવું, જાહેરાતોનું સંકલન કરવું એ બધામાં એની તાજગીભરી ચીવટ ઊડીને આંખે વળગે એવી હોવી જોઈએ.

આવી સજ્જતા અને ક્ષમતા ધરાવતા તમામ તંત્રીઓને વંદન અને અભિનંદન.

– રોહિત શાહ

परिवार पत्रिका
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Printed and Published by PRAMODBHAI NAVNITLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
(Office Time : 10-30 to 6-30 (Monday Close) Email : mahesana_jainprant@yahoo.com- www.dashashreemali.com)
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall, Ellisbridge, Ahmedabad - 380 006. Editor - PRAMODBHAI NAVNITLAL GANDHI